ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની તાકિદની સભા ગુરૂવાર, તા. ૧૪/૦૪/૨૦૧૧ના રોજ સવારે ૦૯.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૧૪/૦૪/૨૦૧૧ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૫. | શ્રી હિમાંશુ વિઠ્ઠલભાઇ પટેલ | હાજર |
| ૬. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | ગેરહાજર |
| ૭. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૮. | પ્રિ. ડૉ. સી.પી.પટેલ | ગેરહાજર |
| ૯. | પ્રો. નિતીનભાઇ ડાહ્યાભાઇ શાહ | હાજર |
| ૧૦. | પ્રો. મહેશ સી. પટેલ | હાજર |
| ૧૧. | પ્રો. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૨. | ડૉ. એચ.પી.ભાલોડીયા | હાજર |
| ૧૩. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૪. | શ્રી દોશી મનીષ એમ. | હાજર |
| ૧૫. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૧૬. | શ્રી ગિરીશ ચૌધરી | હાજર |
| ૧૭. | શ્રી ગૌરાંગ પટેલ | હાજર |
| ૧૮. | પ્રો. શશીરંજન યાદવ | હાજર |
| ૧૯. | શ્રી દેવાંગ નાણાવટી | હાજર |

**બા.ક.૧.** ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠુ પગારપંચનો લાભ મળતો નથી તે અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઇઝ અન્યાય પ્રતિકારક સંઘ ધ્વારા તે કર્મચારીઓને છઠ્ઠુ પગારપંચ આપવા અંગે તેઓ ધ્વારા રજૂ કરવામાં આવેલ બાહેંધરીપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

**ઠરાવ :** ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરાયેલા છઠ્ઠા પગારપંચનો લાભ મળતો નથી જેમાં કેટલાંક કર્મચારીઓની નિમણુંક જાહેરાત આપીને થયેલ છે, કેટલાંકની નિમણુંક રહેમરાહે થયેલ છે અને કેટલાંક રાજ્ય સરકારશ્રીના રીપોર્ટ પ્રમાણે વગર મંજૂરીવાળી કેટેગરીના કર્મચારી છે. કર્મચારીઓની લાંબાગાળાની નિષ્ઠાપૂર્વકની સેવા અને યુનિવર્સિટીમાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજોનું ભારણ તેમજ ખાલી પડી રહેલી નિવૃત્ત કર્મચારીઓની જગ્યાનું ભારણ અને યુનિવર્સિટીના વિધ્યાર્થીઓની સંખ્યામાં રેગ્યુલર તેમજ એક્ષટર્નલ બન્ને કેટેગરીમાં થઇ રહેલા વધારાના કામનું ભારણ આ તમામ કર્મચારીઓની વહીવટી સુઝથી સમયસર અને અસરકારક રીતે કામ કરી ચલાવે છે, જેને ધ્યાનમાં રાખી આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા યુનિવર્સિટીના સત્તામંડળો ધ્વારા સરકારશ્રીને વિનંતી કરવામાં આવેલ હતી.

ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરાયેલ છઠ્ઠા પગારપંચનો લાભ મળતો નથી. આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ મળે તે માટે અસરકર્તા કર્મચારીઓએ વારંવાર રજુઆત કરી છે અને રજુઆતને ધ્યાનમાં લઇ એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૨૬/૦૯/૨૦૧૦ અને તા.૧૨/૦૨/૨૦૧૧ની સભામાં લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી હતી અને શિક્ષણ વિભાગમાં આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત પરત્વે કોઈ હકારાત્મક પ્રતિસાદ શિક્ષણ વિભાગ તરફથી ના મળતા તા.૧૨/૦૨/૨૦૧૧નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં ફરી વખત લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને તા.૧૫/૦૩/૨૦૧૧ સુધીમાં રાજ્ય સરકાર તરફથી હકારાત્મક જવાબ ના મળે તો એકિઝકયુટિવ કાઉન્સિલની સભા બોલાવી કર્મચારીઓના પ્રશ્ને યોગ્ય તે નિર્ણય લેવાનું ઠરાવવામાં આવ્યું હતું.

આ સંજોગોમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છઠ્ઠા પગારપંચથી વંચિત કર્મચારીઓને સત્તામંડળના આદેશથી કેટલીક શરતોને આધીન કર્મચારીઓને આ લાભ આપવાનું નકકી કરવામાં આવેલ છે, જેના આધારે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓએ પરીક્ષા દરમ્યાન તમામ કર્મચારીઓનો સહયોગ લઇ વર્ક ટુ રૂલનો આદેશ આપી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કર્મચારીઓની જેમ તેમને લાભ મળે તેવી માંગણી કરી હતી અને અગાઉ તા.૧૨/૦૨/૨૦૧૧ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલે કર્મચારીઓના હિતમાં આ નિર્ણય લેવા માટે એક સૂર પુરાવેલ અને ત્યારબાદ ૨૭/૦૩/૨૦૧૧નાં રોજ મળેલી સેનેટની સભાએ પણ સર્વાનુમતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જેમ આપણા ૧૬૭ કર્મચારીઓને આ લાભ મળે તેવો ઠરાવ કર્યો હતો. ત્યારબાદ તમામ પાસાઓનો નાણાંકીય

અભ્યાસ કરી યુનિવર્સિટીની જવાબદારીને ધ્યાનમાં રાખી તા.૧૪/૦૪/૨૦૧૧ના રોજ તત્કાલ બોલાવેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં રાજય સરકારના અધિકારીઓને પણ SMS ધ્વારા જાણ કરીને હાજર રહેવા જણાવવામાં આવેલ. ત્યારબાદ સભ્યો ધ્વારા રજુઆત કરવામાં આવી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા તેમના જે કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ રાજય સરકાર ધ્વારા આપવામાં આવેલ ન હતો તે કર્મચારીઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિન્ડીકેટની તા.૨૨/૧૦/૨૦૧૦ ના રોજ મળેલ સભાએ બા.ક્ર. ૨૭ થી છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનું ઠરાવ્યું છે તેજ પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીએ પણ ૧૬૭ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવો જોઇએ તેમ જણાવ્યું હતું.

આ તબક્કે કા. કુલસચિવે તા.૧૫/૦૧/૨૦૧૦ના ઠરાવની શરત નં.૫ પરત્વે સભાગૃહનું ધ્યાન દોર્યું હતું અને રાજય સરકારની મંજૂરી આવશ્યક છે તેમ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કર્મચારીઓને અપાયેલ પગાર પછી યુનિવર્સિટી ઉપર આવેલ દબાણ, પરીક્ષા ખોરંભે ના પડે તેની ચિંતા, સેનેટ તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોનો હકારાત્મક અભિગમ જોતાં સર્વાનુમતે નીચેની શરતોને આધીન આ પગારનો લાભ આપવાનું નકકી થયેલ. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા જે પ્રકારની બાહેંધરી લઇને છઠ્ઠા પગારપંચનો લાભ આપ્યો છે તે પ્રકારની બાહેંધરી લઇને છઠ્ઠા પગારપંચનો લાભ આપવો અને આ નિર્ણયની જાણ રાજય સરકારશ્રીને કરવાનું રાખવુ તેમજ છઠ્ઠા પગારપંચનો લાભ સદરહુ ૧૬૭ કર્મચારીઓને આપવા માટે મંજૂરી આપવા પુનઃરજૂઆત કરવાનું રાખવું.

૧. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજય સરકાર તરફથી છઠ્ઠા પગારપંચનો લાભ આપવાની મંજૂરી આવે ત્યાંસુધી આ ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો થાય છે તે ખર્ચને પહોંચી વળવા માટે અસરકર્તા ૧૬૭ કર્મચારીઓ જયાં સુધી રાજય સરકારની છઠ્ઠા પગારપંચની મંજૂરી નહીં મળે ત્યાં સુધી યુનિવર્સિટીની કામગીરી માટે પુરસ્કાર/ઓવરટાઇમ કે તે પ્રકારના અન્ય કોઇ ભથ્થાની માંગણી કર્યા વગર કામગીરી કરી આપશે. આ કર્મચારીઓમાં જે મહિલા કર્મચારીઓ છે તે બીજા અને ચોથા શનિવારની રજાના દિવસે યુનિવર્સિટીમાં આવીને કામગીરી પૂર્ણ કરી આપશે. ૧૬૭ કર્મચારીઓની સહાનુભૂતિમાં જે કર્મચારી સંગઠનોએ ટેકો જાહેર કર્યો હતો તે કર્મચારીઓ વર્ષ દરમ્યાન કાર્યાલય સમય સિવાય વધારાના ૬૦ કલાક સુધી યુનિવર્સિટીની કામગીરી સંભાળશે અને તે માટે કોઇ પુરસ્કાર/ઓવરટાઇમ કે વધારાના ભથ્થાની માંગણી કરશે નહીં. જે કર્મચારીને પરીક્ષાની કામગીરી માટે બોલાવવામાં આવશે અને તે કર્મચારી કામગીરી નહીં સંભાળે તો તેનું પરીક્ષા ભથ્થું કાયમી ધોરણે બંધ કરવાનું રાખવું.

૨. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને જયાં સુધી રાજય સરકાર ધ્વારા છઠ્ઠા પગારપંચનો લાભ આપવામાં ના આવે ત્યાં સુધી અસરકર્તા કર્મચારીઓને સ્ટેગ્નેશન

ઈજાફાનો લાભ, હાયરગ્રેડનો લાભ જેવા અન્ય કોઇ લાભ જેનાથી યુનિવર્સિટી પર આર્થિક ભારણ પડતું હોય તે આપવા નહીં.

૩. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓ તેમને છઠ્ઠું પગારપંચનો લાભ મળે તે માંગણી અન્વયે તા.૨૧, ૨૨, ૨૩ અને ૨૪ માર્ચના રોજ હડતાલ પર બેઠા હતા અને કોઇ જ ફરજ બજાવી ન હતી. આ કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિના કારણે ખાસ કેસમાં આ ચાર દિવસની હડતાલ માટે સંબંધિત કર્મચારી પાસેથી હકક રજા કે પ્રાસંગિક રજા લેવાનું રાખવું અને તે દિવસોનો પગાર ચૂકવવો.

૪. ઉપર જણાવેલ (૧) થી (૪) બાબતોની સમજૂતિનો લીગલ ડ્રાફટ તૈયાર કરી તે ઉપર કર્મચારીઓની સહી મેળવવી.

ત્યારબાદ પ્રમુખશ્રીનો આભાર માનીને સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

**એમ. એસ. શાહ**
**કા.કુલસચિવ**

નં: એકેડેમિક/૩૪/A/૨૦૧૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયલ અમદાવાદ-૯
તા. ૨૦-૦૪-૨૦૧૧